# ઇન્ડિયાના પ્રેષિત સંત થોમા
## ફાધર વગીર્સ પૉલ

કેથલિકો અને પ્રોટેસ્ટન્ટોના ભેદભાવ વિના કેરલના મોટા ભાગના ખ્રિસ્તીઓ ગર્વથી પોતાની જાતને સંત થોમાના ખ્રિસ્તીઓ તરીકે ઓળખાવે છે. તેઓ દ્દઢપણે માને છે અને સદીઓ જૂની પરંપરાઓ સાક્ષી પૂરે છે કે સંત થોમા ઈસ્વીસન બાવનમાં ઇન્ડિયામાં આવ્યા. જયારે ૧૯૭૨માં વડાધર્મગુરુ પૉલ છઠ્ઠાએ સંત થોમાને ભારતના પ્રેષિત તરીકે જાહેર કર્યા ત્યારે આ માન્યતા અને પરંપરાને જાહેર બહાલી મળી છે.

બાઇબલના નવા કરારમાં માથ્થી, માર્ક, લૂક અને પ્રેષિતોનાં ચરિતોએ આપેલા પ્રેષિતોની ચાર યાદીઓમાં સંત થોમાનું નામ મળે છે. પરંતુ આપણે યોહાનકૃત શુભસંદેશમાંથી સંત થોમા વિશે વધુ જાણીએ છીએ. યોહાને પોતાના શુભસંદેશમાં જયાં થોમા હાજર હોય એવા ચાર પ્રસંગોની વાત કરી છે.

એક, જયારે ઈસુએ સાંભળ્યું કે પોતાના મિત્ર લાઝરસ યહૂદિયાના બેથાનિયામાં માંદો પડયો છે ત્યારે ઈસુએ યહૂદિયા જવાનું નક્કી કર્યું. પણ ઈસુના શિષ્યોએ વિરોધ કર્યોર્ અને કહ્યું, "ગુરુજી, હજી હમણાં તો યહૂદીઓ આપને પથ્થરે પથ્થરે મારી નાખવા તૈયાર થયા હતા, છતાં પાછા આપ ત્યાં જાઓ છો?" (યોહાન ૧૧, ૮).

શિષ્યોએ ઈસુના યહૂદિયા જવાની વાતનો વિરોધ જારી રાખ્યો ત્યારે "ઈસુએ તેમને ફોડ પાડીને કહ્યું, 'લાઝરસનું મરણ થયું છે; સારું થયું કે હું ત્યાં નહોતો. એ તમારા હિતમાં છે; એથી તમારી શ્રદ્ધા દ્રઢ થશે. પણ હવે ચાલો, આપણે તેની પાસે પહોંચી જઇએ' " (યોહાન ૧૧, ૧૪-૧૫).

આવી વિકટ પરિસ્થિતિમાં પ્રેષિત થોમા પીતરની જેમ પોતાની અધીરાઇ અને હિંમત બતાવતાં "પોતાના શિષ્યબંધુઓને ઉદ્દેશીને બોલ્યો, 'ચાલો આપણે પણ જઇએ અને એમની સાથે મરણને ભેટીએ' " (યોહાન ૧૧, ૧૬). જયારે થોમાને લાગ્યું કે કંઇક તો કરવું પડશે ત્યારે તેમણે તે કરવાની પોતાની પૂરી તૈયારી બતાવી. થોમા જેને પોતાની જવાબદારી સમજે છે તેનાથી તેઓ કદી ભાગી જવામાં માનતા નથી.

બે, યોહાનકૃત શુભસંદેશમાં આપણે થોમાને બીજી વાર શિષ્યો સાથેના ઈસુના છેલ્લા ભોજન વખતે મળીએ છીએ. ઈસુ પોતાના શિષ્યોની વિદાય લેવાની તૈયારી રૂપે તેમની સાથે આત્મીયતાથી વાત કરે છે, "અને હું ત્યાં જઇને તમારે માટે જગ્યા તૈયાર કરીશ, એટલે હું પાછો આવીશ અને તમને મારી પાસે લઇ જઇશ, જેથી હું જયાં હોઉં ત્યાં તમે પણ હો. અને હું જયાં જાઉં છું ત્યાંનો રસ્તો તમે જાણો છો" (યોહાન ૧૪, ૩-૪).

પણ ઈસુની વિદાયની આ વાતમાં થોમાને કંઇ સમજણ પડતી નથી. એટલે પોતાના અજ્ઞાનથી ક્ષોભ પામ્યા વિના ઈસુની વાત વચ્ચે થોમા એમને પૂછે છે, "પ્રભુ, આપ કયાં જાઓ છો એ અમે જાણતા નથી, પછી અમને રસ્તાની ખબર શી રીતે હોય?" (યોહાન ૧૪, ૫).

આપણે થોમાની અધીરાઇ કે ઉતાવળિયાં પગલાં સામે ફરિયાદ કરવી ના જોઇએ. થોમાના આ અધીરા સ્વભાવને કારણે થોમાના પ્રશ્નનો જવાબરૂપે આપણને ઈસુ પાસેથી એક ખૂબ સુન્દર વાત સાંભળવા મળે છે, "ઈસુએ કહ્યું, 'હું જ માર્ગ છું, હું જ સત્ય છું અને હું જ જીવન છું; જે કોઇ પરમપિતા પાસે જાય છે તે મારી મારફતે જ જાય છે. તમે જો મને ઓળખ્યો હોત તો મારા પિતાને પણ ઓળખત. હવે તમે એને ઓળખો છો અને એને જોયો પણ છે' " (યોહાન ૧૪, ૬-૭).

ત્રણ, આપણે થોમાને ત્રીજી વાર ઈસુના છેલ્લા ભોજનની એની એ જ ઓરડીમાં ઈસુના પુનરુત્થાન પછી મળીએ છીએ. પુનરુત્થાનની રાત્રે ઈસુએ ત્યાં પોતાના શિષ્યોને દર્શન દીધાં હતાં. પરંતુ તે વખતે થોમા ત્યાં બીજા બધા શિષ્યો સાથે હાજર નહોતા. એટલે થોમા આવ્યા ત્યારે શિષ્યોએ એમને ઈસુએ દર્શન દીધાની વાત કરી. પણ થોમાએ એમની વાત માનવામાં ચોખ્ખી ના પાડી. યોહાને પોતાના શુભસંદેશમાં આ વાતોની સ્પષ્ટ રજુઆત કરી છે. "પણ બારમાંનો એક થોમા, (અર્થાત્ જોડિયો) ઈસુ આવ્યા ત્યારે બીજા શિષ્યો સાથે નહોતો. બીજા શિષ્યોએ તેને કહ્યું કે, 'અમને પ્રભુનાં દર્શન થયાં છે.'

"પણ થોમાએ તેમને કહ્યું, 'જયાં સુધી હું તેમના હાથે ખીલાનાં ચિહ્નો ન જોઉં, અને ખીલાની જગ્યામાં આંગળી ન ઘાલું, તેમ જ તેમના પડખામાં હાથ ન ઘાલું, ત્યાં સુધી હું કદી માનું નહિ' "(યોહાન ૨૦, ૨૪-૨૫).

આપણે જોઇ શકીએ છીએ કે આ પ્રસંગે થોમાનો પ્રતિભાવ ખૂબ લાક્ષણિક છે. તેમણે પોતાના સાથીદારોની સાક્ષી પર શંકા આણી. એટલે છેલ્લી બે સહસાબ્દી દરમિયાન આખી દુનિયા થોમાને 'શંકાશીલ થોમા' તરીકે ઓળખાવે છે!

પણ થોમાએ પોતાના સાથીદારોની વાતમાં શંકા કરી હતી તો તેઓ પ્રભુ ઈસુમાં શ્રદ્ધા રાખવામાં પણ કોઇ કમ નથી. કદાચ ઈસુએ થોમાને એક વ્યવહારુ માણસ તરીકે ગણ્યા હશે. એટલે અઠવાડિયા પછી છેલ્લે ભોજનની ઓરડીમાં ઈસુએ ફરી શિષ્યોને દર્શન દીધાં ત્યારે ઈસુએ થોમાને ખાસ પોતાની પાસે બોલાવ્યા અને બીજા બધાની હાજરીમાં પોતાને અડીને જાતે ખાતરી કરવા ઈસુએ થોમાને કહ્યું. "તારી આંગળી અહીં લાવ, આ રહ્યા મારા હાથ; અને તારો હાથ આમ લાવ, અને મારા પડખામાં ઘાલ. અશ્રદ્ધા ખંખેરી નાખ; શ્રદ્ધા રાખ" (યોહાન ૨૦, ૨૭).

પુનરુત્થાન પામેલા ઈસુની હાજરીનો જાત અનુભવ કરતાં સહજપણે નિખાલસતાથી "થોમા બોલી ઊઠયો, 'ઓ મારા પ્રભુ, અને મારા પરમેશ્વર!'

"ઈસુએ તેને કહ્યું, 'મને જોયો છે એટલે તને શ્રદ્ધા બેઠી છે. મને જોયા વગર પણ જેઓ શ્રદ્ધા રાખે છે તેઓ પરમસુખી છે' " (યોહાન ૨૦, ૨૮-૨૯).

પોતાના ગુરુજી અને પ્રભુ પરમેશ્વર પરના થોમાની શ્રદ્ધાના એકરારના પ્રતિભાવરૂપે આપણને પણ ઈસુએ 'પરમસુખી' કહ્યા છે. કારણ, ઈસુના શિષ્યો તો એમને સદેહે જોયા છે. પણ આપણે એ રીતે ઈસુને પ્રત્યક્ષ જોયા નથી.

ચાર, યોહાનકૃત શુભસંદેશમાં આપણે ચોથી વાર થોમાને પીતર અને બીજા પ્રેષિતો સાથે તિબેરિયાસ સરોવર પાસે મળીએ છીએ. થોમા અને બીજા પ્રેષિતો પીતરની આગેવાની હેઠળ તિબેરિયાસ સરોવરમાં માછલાં પકડવા ગયા હતા. તે વખતે ઈસુએ શિષ્યોને આપેલા દર્શન વિશે સંત યોહાન નોંધે છે, "ઈસુએ તિબેરિયાસ સરોવર પાસે શિષ્યોને ફરી વાર દર્શન દીધાં, અને તે આ પ્રમાણે : સિમોન પીતર, થોમા (અર્થાત જોડિયો), ગાલીલમાં આવેલા કાનાનો નથનિયેલ, ઝબદીના દીકરાઓ અને બીજા બે શિષ્યો ભેગા મળ્યા હતા" (યોહાન ૨૧, ૧-૨).

અહીં યોહાન સાથેની કુલ સાત શિષ્યોની યાદીમાં પીતર પછી તરત બીજા ક્રમે થોમાનું નામ આપ્યું છે. ઈસુના શિષ્યગણમાં અહીં આપણે 'થોમા'નું મહત્વ જોઇ શકીએ છીએ. ઈસુના બાર શિષ્યોમાં થોમાનું આગવું સ્થાન છે.

તિબેરિયાસ સરોવર કિનારે દર્શન દેતી વખતે ઈસુ પોતાના શિષ્યોને આત્મીય ભાવથી 'છોકરાઓ' કહીને બોલાવે છે; એટલું જ નહિ, પણ તેમને નાસ્તો લેવા માટે આમંત્રણ પણ આપે છે. "ઈસુએ તેમને કહ્યું, 'આવો નાસ્તો કરો.' કોઇ શિષ્યની એમ પૂછવાની હિંમત નહોતી ચાલતી કે, 'આપ કોણ છો?' તેઓ જાણતા હતા કે એ પ્રભુ છે" (યોહાન ૨૧, ૧૨).

ગુજરાતમાં થોમા કે થોમાસ નામ વિરલ નથી. સંત થોમા દક્ષિણ ભારતના કેરલ રાજયમાં વધારે લોકપ્રિય સંત છે. ખ્રિસ્તી માબાપો પોતાના બાળકને સ્નાનસંસ્કાર વખતે થોમાનું નામ આપે છે. કેરલમાં અસંખ્ય ખ્રિસ્તી સંસ્થાઓ સંત થોમાના નામથી ઓળખાય છે. ત્યાં દેવળો, સ્કૂલો, હૉસ્પિટલો જેવી ઘણી બધી ખ્રિસ્તી સંસ્થાઓ માટે સંત થોમા તેમનો રક્ષક સંત છે.

સંત થોમાએ કેરલમાં પરંપરાગત માન્યતા પ્રમાણે કોડુનગલ્લૂર, નિરાનમ, કોલ્લમ, પાલાયુર, કોટેકાવ, કોકામંગલમ અને નીલકલ જેવા સાત સ્થર પર સાત દેવળો બાંધેલાં છે અને આજે તે બધાં દેવળો ખૂબ જાણીતાં તીર્થસ્થાનો છે.

ખૂબ લાંબા ગાળાની પરંપરાગત માન્યતા પ્રમાણે ભારતના ખાસ તો દક્ષિણ ભારતના ખ્રિસ્તીઓ માને છે કે મદ્રાસ (હાલ ચેન્નાઇ)ના માઇલાપુર (હાલ સાન થોમ) ખાતે સંત થોમા ઈસ્વીસન ૭૨માં શહીદ થયા છે. આજે ભકતજનો તથા દેશવિદેશથી આવેલા યાત્રાળુઓ સાન થોમ મહાદેવળમાં સંત થોમાને નામે એક ચમત્કારિક ક્રૂસની ભક્તિ કરે છે.

સંત થોમા બાંધકામ કરનારાઓ તેમ જ સ્થાપતિઓના રક્ષક સંત મનાય છે. એક દંતકથા મુજબ થોમા એક સુથાર હતા. દક્ષિણ ભારતના એક રાજાએ પોતાને માટે એક ભવ્ય મહેલ બાંધવા થોમાને પુષ્કળ નાણાં આપ્યાં. પરંતુ થોમાએ એ બધાં નાણાં ગરીબો અને જરૂરિયાતમંદ લોકો વચ્ચે વહેંચી દીધાં. વળી, થોમાએ રાજાને બરાબર સમજાવ્યું કે ધરતી પર એક ભવ્ય મહેલ બાંધવા કરતાં સ્વર્ગમાં એક અનોખો મહેલ બાંધવામાં વધારે ફાયદો છે.

"સંત થોમાસનાં ચરિતો" (ઍકટ્સ ઓફ સૅન્ટ થોમાસ) નામથી થોમાને નામે એક શુભસંદેશ પ્રચલિત છે. બીજી સદીમાં લખેલા એ શુભસંદેશને કોઇ પ્રમાણભૂત દસ્તાવેજ ગણાતું નથી. પરંતુ એમાં પ્રેષિત થોમા વિશે એક ખૂબ રસપ્રદ વાત છે.

"સંત થોમાસના ચરિતો" જણાવે છે કે પ્રભુ ઈસુના મૃત્યુ પછી પ્રેષિતોએ દુનિયાભરમાં જઇને ઈસુના શુભસંદેશની ઘોષણા કરવાનું નક્કી કર્યું. એમાં કયો પ્રેષિત કયાં જશે એ વાત નક્કી કરવા માટે પ્રેષિતોએ ચિઠ્ઠી નાખી. એમાં પ્રેષિત થોમાને ફાળે પ્રેષિતકાર્ય માટે ઇન્ડિયા મળ્યું.
પણ થોમાએ ઇન્ડિયા જવા માટે સખત વિરોધ કયોર્.

તે રાતે ભગવાન ઈસુએ થોમાને દર્શન દઇને કહ્યું, "થોમા, ડરીશ નહિ. હું તારી સાથે છું. મારી કૃપા તારે માટે પૂરતી છે. ખુશીથી જા અને ઇન્ડિયામાં શુભસંદેશની ઘોષણા કર."

"મારા પ્રભુ, મને ગમે ત્યાં મોકલો. પણ ઇન્ડિયામાં નહિ," થોમા પોતાના વિરોધમાં મક્કમ રહ્યા.

તે વખતે ઇન્ડિયાના એક રાજા ગુનડાફારસે મોકલેલા અભાનાસ નામે એક વેપારી યેરુશાલેમમાં આવ્યા. તેઓ ઈર્યન્ડિયામાં પોતાના રાજા માટે એક મોટો મહેલ બાંધી આપે એવા એક સુથારની શોધમાં હતા.

ભરબજારમાં પ્રભુ ઇસુએ એ વેપારી અભાનાસને પૂછયું, "તમે એક સુથારને શોધો છો?"

અભાનાસે કહ્યું કે, "હા, સાચે જ હું એક સુથારને શોધું છું. ઇન્ડિયામાં રાજા ગુનડાફારસને માટે એક મહેલ બાંધી આપનાર કુશળ સુથારની તાતી જરૂર છે."

"મારી પાસે એક ગુલામ છે તે ખૂબ કાર્યક્ષમ સુથાર છે."

પ્રભુ ઈસુ અને વેપારી અભાનાસ વચ્ચે એક કરાર થયો. કરાર જણાવે છે કે, "આ કરાર પુરાવો છે કે હું સુથાર જોસેફનો દીકરો, ઈસુ મારો ગુલામ અને સુથાર થોમાને ઇન્ડિયાના રાજા ગુનડાફારસના વેપારી અભાનાસને વેચું છું."

પછી પ્રભુ ઈસુએ પ્રેષિત થોમાને વેપારી અભાનસા પાસે લઇ આવ્યા.

થોમાને જોઇને વેપારી અભાનાસે પૂછયું, "આ તારો માલિક છે?"

થોમાએ ચોખ્ખી હા પાડી.

"તો મેં તારી ખરીદી કરી છે. કાલે તું મારી સાથે ઈર્યન્ડિયા આવશે," વેપારીએ કહ્યું અને થોમાને પોતાની પાસે લઇ લીધા.

બીજા દિવસે સવારે થોમા ઉંઘમાંથી ઊઠયો ત્યારે તેઓ ઇન્ડિયા જવા માટે તૈયાર હતા.

તે સવારની થોમાની પ્રાર્થના હતી કે, "હે પ્રભુ ઈસુ, તારી ઇચ્છા મુજબ, મને જયાં લઇ જાઓ ત્યાં જવા હું તૈયાર છું. તારી ઈચ્છા પૂર્ણ થાઓ."